# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૦/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'સ્માર્ટ સિટી' વિશે અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ધી ઇન્સ્ટીટયુટ ઓફ સિવિલ એન્જીનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ– સુરતના સંયુકત ઉપક્રમે સોમવારે, તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્માર્ટ સિટી' વિશે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાત વકતા તરીકે સુરતની એસવીએનઆઇટી કોલેજના સિવિલ એન્જીનિયરીંગ વિભાગના પ્રોફેસર ડો. જે.ઇ.એમ. મેકવાન અને સ્કેટ કોલેજના આર્કીટેકચરના ફેકલ્ટી પ્રોફેસર આર્કિટેકટ વિશાલ શાહે સ્માર્ટ સિટીના વિવિધ વિષયો ઉપર મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સર્વેને આવકાર્યા હતા. ચેમ્બરની સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન તથા ધી ઇન્સ્ટીટયુટ ઓફ સિવિલ એન્જીનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ– સુરતના પ્રમુખ શ્રી નિલેશ શાહે જણાવ્યુ હતુ કે, સ્માર્ટ એટલે એવું વ્યકિતત્વ કે એને આજુબાજુના વિસ્તારની માહિતી હોય. સ્માર્ટ સિટી વિશેની અવેરનેસ આપણે મેળવી શકીએ એના માટે આજનો સેમિનાર યોજાયો છે.

વકતા પ્રોફેસર ડો. જે.ઇ.એમ. મેકવાને જણાવ્યુ હતુ કે, સરકાર દ્વારા જૂન ૨૦૧૫માં દેશના ૧૦૦ જેટલા શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના સુરતનો રાજયમાં પ્રથમ અને દેશમાં ચોથા ક્રમે સમાવેશ થયો હતો. રાજયમાં સુરત બાદ અનુક્રમે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થાય છે. અન્ય મુખ્ય શહેરોની વાત કરીએ તો ભુવનેશવર, પૂણે, જયપુર, લુધિયાના, કોચી, સોલાપુર, નવી દિલ્હી અને ઉદયપુરને સ્માર્ટ સિટી તરીકે ડેવલપ અને ગ્રોથ કરવાનું નકકી થયુ હતુ. જો કે, ડેવલપમેન્ટ અને ગ્રોથ બંને જુદી–જુદી બાબતો છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સ્માર્ટ સિટીમાં શહેરીજનોને કવોલિટી ઓફ લાઇફ પુરી પાડવાની હોય છે. જેમાં સ્માર્ટ ઇકોનોમી, સ્માર્ટ પીપલ, સ્માર્ટ ગવર્નન્સ, મોબીલિટી, એન્વાયરમેન્ટ અને સ્માર્ટ લિવીગ વિગેરે બાબતોને આવરી લેવામાં આવતી હોય છે. નાગરિકોને દરેક સુવિધા મળવી જોઇએ, લોકોને માહિતી મળવી જોઇએ, શહેરીજનો સુધી વિવિધ સેવાઓ પહોંચવી જોઇએ, ક્રાઇમ રેટ ઘટવો જોઇએ, રોજગારી વધવી જોઇએ, એરીયા બેઇઝ ડેવલપમેન્ટ, એર પોલ્યુશન ઘટવુ જોઇએ, પાર્ક, પ્લે ગ્રાઉન્ડ, ક્રિએશન સ્પેસિસ, વેરાયટી ટ્રાન્સપોર્ટેશન અને સ્માર્ટ સોલ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર વિગેરેથી શહેરને સજજ કરવાનું હોય છે. તેમણે મેકીગ ગવર્નન્સ, મેન ઇકોનોમી એકટીવીટીઝ, એજયુકેશન્સ, સર્વિસ અને સ્માર્ટ સિટીના ગોલ્સ વિશે માહિતી આપી હતી. અમીરો કાર છોડીને પબ્લીક ટ્રાન્સપોર્ટેશન વાપરતા થાય તો એ શહેર એડવાન્સ સિટી થઇ જાય છે.

વકતા પ્રોફેસર આર્કિટેકટ વિશાલ શાહે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, સ્પોર્ટ્સમાં આપણે વર્લ્ડ ચેમ્પીયન બની રહયા છે તો સ્માર્ટ સિટીમાં પણ વર્લ્ડ ચેમ્પીયન થવુ પડશે. સ્માર્ટ સિટીમાં શહેરને સ્માર્ટ સિટી કોર્પોરેશન બનવા ચેલેન્જ આપવામાં આવે છે. સ્પેશિયલ પર્પઝ વ્હીકલ, એરીયા ડેવલપમેન્ટ, સેફટી, સોશિયલ એન્ડ કલ્ચરલ આસ્પેકટ્સ, હાઉસિંગ ઇન્કલુઝીવનેસ, પબ્લીક ઓપન સ્પેસિસ અને રિડયુસ પોલ્યુશન જેવી બાબતો ડેવલપ સિટીઝ માટે જરૂરી હોય છે. સુરતમાં પણ ઘણા રોડ બંધાઇ રહયા છે અને મોટા બાંધકામો થઇ રહયા છે. એનું મોનીટરીગ જરૂરી છે. સિટીઝન્સને સેન્ટરમાં રાખીને કામ થવુ જોઇએ. વિશ્વ હવે માઇક્રો મોબિલીટી, પબ્લીક બાઇસિકલ અને પબ્લીક સ્કૂટર વિગેરે તરફ આકર્ષાઇ રહયુ છે. હજી સુરતમાં હાઇ કવોલિટી ઓફ લાઇફની વાત થતી નથી. સ્માર્ટ સોલ્યુશન્સ પણ ખૂબ જ મહત્વની બાબત છે.

આ અવેરનેસ સેશનમાં ચેમ્બરની સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ કમિટીના કો – ચેરમેન શ્રી હિરેન દેસાઇ અને ધી ઇન્સ્ટીટયુટ ઓફ સિવિલ એન્જીનિયર્સ એન્ડ આર્કિટેકટ્સના કો–ઓર્ડીનેટર શ્રી અક્ષય પચ્ચીગરે પ્રાસંગિક વિધી કરી હતી. બંને વકતાશ્રીઓએ લોકોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે શ્રી દિલીપ પટેલે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનું સમાપન થયુ હતુ.